ભરૂચના સ્પેશ્યલ જજ(પોકસો કોર્ટ) અને ત્રીજા એડીશ્નલ સેસન્સ કોર્ટની સમક્ષ, ભરૂચ.

પોકસો કેસ નં. ૩/૨૦૨૬

**<u>આંક–૦૧ નીચે હુકમ</u>**

**૧.** વિ.એ.પી.પી.સુ.શ્રી.જી.વી.વ્યાસને તથા આરોપીના વિ.વકીલશ્રી ને સાંભળ્યા, વિ.એ.પી.પી.સુ.શ્રી રજુઆત કરે છે કે, પોતે આ કામે આંક–૫ થી પ્રપોઝ ચાર્જ આપેલ છે અને તે મુજબ ઈ.પી.કો. કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જે), ૩૭૬(૨) (એન), ૩૫૪(એ)(i)(ii) ના ભંગ બદલ ૩૫૪(એ)(૨), ૩૫૪ ( ડી)(૧)(i) ના ભંગ બદલ ૩૫૪(ડી)(૨) તથા પોકસો એકટની કલમ–૩(એ) ના ભંગ બદલ ૪(૧), ૫(જે)(૨) તથા ૫(એલ) ના ભંગ બદલ ૬(૧) તથા કલમ ૧૧(૪) ના ભંગ બદલ કલમ–૧૨ ગુનો બને છે અને આરોપી સામે આઈ.ઓ.એ આજ કલમનું ચાર્જશીટ કરેલ છે જેથી ચાર્જશીટ અને ચાર્જશીટનુ રેકર્ડ તેમજ બી.એન.એસ.ની કલમ–૧૮૩ નુ નિવેદન ભોગબનનારનું ધ્યાને લઈ આરોપી સામે ઉપરોકત કલમમાં ચાર્જફ્રેમ કરવા વિનંતી કરે છે.

**૨.** આરોપીના વિ.વ.શ્રી ચાર્જફ્રેમ પુરતો વાંધો નથી બચાવનો હક કાયમ રાખ્યે તેમ જણાવે છે.

**૩.** ઉપરોકત રજુઆત, રેકર્ડ, ચાર્જશીટ ધ્યાને લીધી આરોપી ભોગબનનારને નાનપણથી ઓળખતો અને તા.૧૪/૦૮/૨૦૨૪ ના પહેલાના ૪ મહિનાથી આરોપી બનાવવાળી જગ્યાએ બનાવવાળા સમયે ભોગબનનાર સાથે રૂબરૂ મળતો અને વાતચીત કરતો અને આરોપી જાણતો હતો કે ભોગબનનાર સગીર છે સંમતિ આપવા સક્ષમ નથી છતા આરોપી ભોગબનનારને લગ્ન કરવાનું કહેતો અને વારંવાર ભોગબનનારને મળતો ભોગબનનારનો સંપર્ક કરતો તે રીતે આરોપી ભોગબનનારને જાતીય ઈરાદાથી મળતો લગ્ન કરવાનુ કહી સંપર્ક કરી જાતીય સતામણી કરતો અને ભોગબનનાર સગીર હોવા છતા આરોપી ભોગબનનારને લલચાવી, ફોસલાવીને લગ્ન કરવાનુ કહેતો અને ભાગીને લગ્ન કરી લેશુ હું તને ખુશ રાખીશ તેવુ આરોપી ભોગબનનારને બનાવવાળા સમયે બનાવવાળી જગ્યાએ

કહેલ અને ભોગબનનાર સગીર હોવા છતા ભોગબનનાર સાથે લગ્ન કરવાના ઈરાદે આરોપીએ ભોગબનનારના માતા પિતા ના કાયદેસરના વાલીપણામાંથી સંમતિ વગર ભોગબનનારને લલચાવી, ફોસલાવીને ભોગબનનારનુ તા.૧૪/૦૮/૨૦૨૪ ના રોજ અપહરણ કરેલ અને આરોપી ભોગબનનારના ઘરેથી ગામમાં લઇ જઈ ખાનગી વાહનમાં બેસાડીને આરોપી ભોગબનનારને ભરૂચ લઈ ગયેલ અને ભરૂચથી કાથીયાવાડના જામજોધપુર બાજુ લઈ ગયેલ અને ત્યાં ઈશ્વરીયા ગામે ગોવિંદ બાપાની વાડામાં આરોપીએ ભોગબનનારને રાખેલ અને ભોગબનનાર સગીર હોવા છતા બનાવવાળી જગ્યાએ શરીર સંબંધ બાંધેલ અને પ્રથમ શરીર સંબંધ આરોપીએ ભોગબનનાર સાથે ભોગબનનારના ગામ વસ્તી ખંડાલી પાસે તળાવ પાસે આવેલ બાવળીમાં બાંધેલ અને આ શરીર સંબંધ તા.૧૪/૦૮/૨૦૨૪ ના બે-ત્રણ મહિના પહેલા બાંધેલ અને આરોપી એ ભોગબનનાર સાથે ઘણી બધી વખત શરીર સંબંધ બાંધેલ અને આરોપીએ ભોગબનનારના વસ્તી ખંડાલી ગામે તળાવની પાસે બાવળીમાં વારંવાર શરીર સંબંધ ભોગબનનાર સાથે બાંધેલ અને આરોપીએ કાથીયાવાડ ભોગબનનારને લઇ ગયેલ ત્યાં પણ આરોપીએ ભોગબનનાર સાથે શરીર સંબંધ બાંધેલ અને આરોપીએ ભોગબનનાર સગીર હોવા છતાં પ્રવેશ જાતીય હુમલો, ગંભીર પ્રવેશ જાતિય હુમલો ભોગબનનાર ઉપર કરેલ અને ભોગબનનાર સાથે વારંવાર બળાત્કાર કરેલ અને ભોગબનનારને આરોપીએ પ્રેગનેન્ટ કરી દીધેલ અને આરોપીએ ભોગબનનારને પ્રેગનેન્ટ કરેલ હોય જેથી ભોગબનનારને બાળકનો તા.૧/૧૧/૨૦૨૫ ના રોજ જન્મ થયેલ અને આરોપીએ ભોગબનનાર સાથે શરીર સંબંધ બાંધેલ અને તેના કારણે ભોગબનનાર પ્રેગનેન્ટ થયેલ અને ભોગબનનારને બાળકનો જન્મ થયેલ તે રીતે આરોપીએ ઈ.પી.કો. કલમ-૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જે), ૩૭૬(૨) (એન), ૩૫૪(એ)(i)(ii) ના ભંગ બદલ ૩૫૪(એ)(૨), ૩૫૪(ડી)(૧)(i) ના ભંગ બદલ ૩૫૪(ડી)(૨) તથા પોકસો એકટની કલમ-૩(એ) ના ભંગ બદલ ૪(૧), ૫(જે)(૨) તથા ૫(એલ) ના ભંગ બદલ ૬(૧) તથા કલમ ૧૧(૧) અને ૧૧(૪) ના ભંગ બદલ કલમ-૧૨ મુજબનો ગુનો કરેલ છે જેથી આરોપી સામે ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જે), ૩૭૬(૨) (એન), ૩૫૪(એ)(i)(ii) ના ભંગ બદલ ૩૫૪(એ)(૨), ૩૫૪(ડી)(૧)(i) ના ભંગ બદલ ૩૫૪(ડી)(૨) તથા પોકસો એકટની કલમ-૩(એ) ના ભંગ બદલ

૪(૧ ), ૫(જે)(ર) તથા ૫(એલ) ના ભંગ બદલ ૬(૧) તથા કલમ ૧૧(૧) અને ૧૧(૪) ના ભંગ બદલ કલમ–૧ર મુજબનો ચાર્જફ્રેમ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૧૬ માર્ચ સને ર૦ર૬ ના રોજ ખુલ્લી અદાલતમાં લખાવી, વાંચી જાહેર કર્યો.

તા.૧૬/૦૩/ર૦ર૬

ભરૂચ.

(હિતેશ હરીલાલ ગાંધી)
ત્રીજા એડી.સેસન્સ જજ અને સ્પે.પોકસો જજ,
ભરૂચ.
**(U.I.CODE-GJ00659)**